રાજ્યમાં નવા ૩૯૫ કેસ, ૨૫ મૃત્યુ

અમદાવાદમાં ૨૬૨ નવા કેસ સપાટીએ : રાજ્યભરમાં મૃતાંક વધીને ૭૧૯ પર પહોંચ્યો : કુલ કેસોની સંખ્યા વધીને ૧૨૧૪૧ પર પહોંચી

ગાંધીનગર,તા.૧૯

કોરોના વાયરસે આખી દુનિયામાં હાહાકાર મચાવીને રાખ્યો છે. ત્યારે ગુજરાતમાં પણ આના આંકડા દિવસે ને દિવસે વધતા જઈ રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૩૯૫ દર્દી કોરોના પોઝિટિવ સામે આવ્યા હતા અને ૨૫ લોકોના મોત નિપજ્યા હતા. મંગળવારના દિવસે નોધાયેલ દર્દીઓની સંખ્યા ૩૯૫ સાથે કુલ કેસોની સંખ્યા ૧૨૧૪૧ની સપાટીએ પહોંચી ગઈ હતી. જ્યારે કુલ મોતનો આંકડો ૭૧૯ પર પહોંચી ગયો છે. આજે અમદાવાદમાં ૨૬૨, સુરતમાં ૨૯, કચ્છમાં ૨૧, વડોદરામાં ૧૮, ગાંધીનગરમાં ૧૦, જામનગર અને સાબરકાંઠામાં ૭-૭, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં ૫-૫, ખેડા, પાટણ અને ભરૂચમાં ૪-૪, બનાસકાંઠા, મહેસાણા, મહીસાગર, ગીર-સોમનાથ અને જુનાગઢમાં ૩-૩, ભાવનગર અને રાજકોટમાં ૨-૨ અને અરવલ્લી, છોટાઉદેપુર અને તાપીમાં ૧-૧ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં ૨૧, સુરતમાં ૨, અરવલ્લી અને ગાંધીનગરમાં ૧-૧ મૃત્યુ પામ્યા છે. રાજ્યમાં અત્યારસુધીમાં ૧૫૪૬૭૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૧૨૧૪૧ પોઝટિવ અને ૧૪૨૫૩૩ ટેસ્ટ નેગેટિવ આવ્યા છે. ૧૨૧૪૧ પોઝિટિવ કેસમાંથી ૪૯ વેન્ટિલેટર પર છે જ્યારે ૬૩૩૦ દર્દી સ્ટેબલ છે.એસટી નિગમ દ્વારા રાજ્યમાં બુધવારથી એસટીની બસ સેવા શરૂ કરવામાં આવશે.

બસ સેવાની ચાર ઝોનમાં વહેચણી કરવામાં આવી છે. જેમાં ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન, સૌરાષ્ટ્ર અને મધ્ય ઝોન છે. હાલના સમયે એક ઝોનમાંથી બીજા ઝોનમાં એસટી બસ જશે નહીં. મોટી બસમાં ૩૦ અને નાની બસમાં ૧૮ પ્રવાસી બેસી શકશે. મુસાફરો બસમાંથી પાનની પીચકારી મારી શકશે નહી. ટિકિટ ઓનલાઈન લેવાની રહેશે. બસ સ્ટેન્ડમાં થર્મલ સ્ક્રિનિંગ થશે અને માસ્ક પહેરેલા પ્રવાસીને જ બસમાં બેસવા દેવાશે. રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આજે કોરોનાના દર્દીઓની ઝડપથી સારવાર આપી શકાય તે હેતુથી અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલના નવા બિલ્ડીંગની મુલાકાત લઈને તેનું નીરીક્ષણ કર્યુ હતું. આ દરમિયાન તેમની સાથે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિ પણ હતાં.

આ મુલાકાત બાદ નીતિન પટેલે જણાવ્યું કન્ટેનમેન્ટ ઝોન સિવાય, રાજયમાં એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવા પાસની જરૂર નથી. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે રાજયમાં લોકડાઉન ૪.૦ની વિવિધ વિગતો આપતા જણાવ્યું કે, અમદાવાદમાં નાયબ મામલતદાર દિનેશ રાવલનું કોરોનાને કારણે મૃત્યુ થયું છે. તેમના મૃત્યુ પર મુખ્યમંત્રીએ શોક વ્યક્ત કર્યો છે અને તેમના પરિવારજનોને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂ.૨૫ લાખની સહાય આપવાની જાહેરાત કરી છે. હેર સલૂન, બ્યૂટી પાર્લર અને સ્પા સંચાલકો ફોન પર જ એપાઈન્ટમેન્ટ આપે તે જરૂરી છે. તેમજ પાન કે ચાની દુકાને પણ એક સાથે લોકોની ભીડ થવી જોઈએ નહીં. જો આપણે સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન થશે તો જે છૂટછાટ આપવામાં આવી છે તેમાં આપણે વધુ આગળ વધી શકીશું. જો સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન નહીં થાય તો દુકાનો બંધ કરાવવામાં આવશે.

જો દરરોજ ભીડના દ્રશ્યો જોવા મળશે તો છૂટછાટ પાછી ખેંચાઈ શકે છે. મુખ્યમંત્રીએ કહ્યું એમ કોરોના આપણી વચ્ચે જ છે. ક્યાંય ગયો નથી. તેમજ દવાની દુકાનો ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે. આ સિવાય બીજા કોઈને મુક્તિ આપવામાં આવી નથી. જે ઉદ્યોગ-ધંધા ચાલુ કરવાની છૂટ આપી છે તેમણે સાંજના ૬ વાગ્યા સુધીમાં શિફ્ટ પુરી કરવી પડશે. જેથી સાંજના ૭ વાગ્યાથી લાગુ કર્ફ્યુંનો ભંગ થશે નહીં.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૮૯૪૫	૫૭૬	૩૦૨૩
સુરત	૧૧૫૬	૫૫	૭૫૮
વડોદરા	૭૦૦	૩૨	૪૫૧
ગાંધીનગર	૧૯૦	૦૭	૭૨
ભાવનગર	૧૧૪	૦૮	૭૫
બનાસકાંઠા	૮૬	૦૪	૭૭
આણંદ	૮૩	૦૮	૭૪
રાજકોટ	૮૨	૦૨	૫૨
અરવલ્લી	૮૨	૦૩	૭૫
મહેસાણા	૮૦	૦૩	૫૧
પંચમહાલ	૭૧	૦૬	૫૪
બોટાદ	૫૬	૦૧	૫૧
મહીસાગર	૫૩	૦૧	૩૮
ખેડા	૫૧	૦૧	૨૫
પાટણ	૫૩	૦૩	૨૫
જામનગર	૪૨	૦૨	૨૨
ભરૂચ	૩૬	૦૩	૨૫
સાબરકાંઠા	૪૬	૦૨	૧૫
ગીર-સોમનાથ	૨૮	૦૦	૦૩
દાહોદ	૨૮	૦૦	૧૬
છોટાઉદેપુર	૨૨	૦૦	૧૪
કચ્છ	૫૨	૦૧	૦૬
નર્મદા	૧૩	૦૦	૧૨
દેવભૂમિ દ્વારકા	૧૨	૦૦	૦૨
વલસાડ	૧૫	૦૧	૦૪
નવસારી	૦૮	૦૦	૦૮
જૂનાગઢ	૧૨	૦૦	૦૩
પોરબંદર	૦૫	૦૦	૦૩
સુરેન્દ્રનગર	૧૦	૦૦	૦૩
મોરબી	૦૨	૦૦	૦૧
તાપી	૦૩	૦૦	૦૨
ડાંગ	૦૨	૦૦	૦૨
અમરેલી	૦૨	૦૦	૦૦
અન્ય રાજ્ય	૦૧	૦૦	૦૦
કુલ	૧૨૧૪૧	૭૨૯	૫૦૪૩

પ્રાંતિજમાં રાત્રીના સમયે બે જુથ વચ્ચે ધીંગાણુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નાની ભાગોળ બોખ વિસ્તાર પાસે આવેલ દેવીપુજક વાસ તથા કહાર વાસ મચ્છી ભોઇ સમાજ વચ્ચે રાત્રીના સમયે ધીંગાણુ થતા એક મહિલા સહિત સાતને ઈજાઓ પહોચી હતી. પ્રાંતિજ બોખ પાસે આવેલ દેવીપુજક વાસ અને કહારવાસમા રહેતા લોકો વચ્ચે ભેલાણ બાબતે સામ સામે પથ્થર મારો થતા એક મહિલા સહિત કુલ સાતને ઈજાઓ પહોચી હતી. ઈજાગ્રસ્તોને પ્રાંતિજ સામુહિક આરોગ્ય ખાતે ખસેડવામાં આવ્યા હતા. તો એકને વધુ ઈજાઓ પહોચતા તેને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે દોડી જઇ મામલો થાળે પાડ્યો હતો.

કોરોના રાહત ફંડ રાવળ યોગી સમાજ સાબરકાંઠાની સમાજ હિતની કામગીરી

કોરોના રાહત ફંડ રાવળ યોગી સમાજ સાબરકાંઠાની સમાજ હિતની કામગીરી

સમાજમાંથી ફંડ એકઠુ કરી સમાજના જરૂરીયાત લોકોને કિટ બનાવી મદદ કરે છે.

હાલ દેશ સહિત વિદેશ માં કોરોના ની મહામારીને ફેલાઇ છે ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કોરોનાના કહેરથી દેશને બચાવવા માટે હાલ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે જેને લઈને સંક્રમણ ઓછું થાય ત્યારે લોકડાઉનને લઈને કેટલાય રોજીદુ કમાઈને ખાતા તથા નાના ધંધા રોજગાર ઉપર મોટી અસર જોવા મળી છે ત્યાંરે રાવળ યોગી સમાજ સાબરકાંઠા દ્વારા સમાજના યુવાનો દ્વારા કોરોના રાહત ફંડ રાવળ યોગી સમાજ સાબરકાંઠાની રચના કરવામાં આવી છે ત્યારે આ કોરોના રાહત ફંડ યોગી સમાજ સાબરકાંઠા દ્વારા રોકડ કે ચેક કે

ઓનલાઈન પેમેન્ટ દાન પેટે સ્વિકારે છે અને દાનમા આવેલ રકમ દ્વારા સમાજમા આવેલ નિઃસહાય, વિધવા સહિત જરૂરીયાતમંદોને રેશનની કીટ તૈયાર કરીને આપવામા આવે છે. તો આ કોરોના રાહત ફંડ રાવળ યોગી સમાજ સાબરકાંઠા ગ્રુપ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં આવેલા દરેક તાલુકામાં રહેતા રાવલ યોગી સમાજના જરૂરીયાત મંદોની ખરી માહિતી લઈને તેમના સુધી કીટો પહોચી કરવામાં આવે છે. ગ્રુપ દ્વારા કોરોના ફંડ કમીટીની પણ રચના કરવામાં આવી છે. આ કોરોના ફંડ કમીટી કોઈ ફોટા સેસનમા માનતું નથી અને જરૂરયાત લોકો સુધી ડોર ટુ ડોર જઈને તેમને કીટો પહોચાડવામાં આવે છે ત્યારે અન્ય સમાજ માટે પણ પ્રેરણારૂપ છે કેમ કહીએ તો પણ નવાઈ નહિ.

ધાનેરાના ડુગડોલ ગમે કોરોનાના દર્દીઓ સાજા થઈ ઘરે પહોંચતા પરિવારજનોએ સ્વાગત કર્યું

કોરોનાની મહામારી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે સમગ્ર વિશ્વમાં લાખો લોકો કોના સંક્રમણમાં આવી ગયા છે વાત

કરવામાં આવે ગુજરાતની તો ગુજરાતમાં ૧૧ હજારથી વધુ લોકો કોરોના સંક્રમણમાં આવ્યા છે તો બીજા સારા સમાચાર એ સામે આવી રહ્યા છે કે લોકો કોરોના ને માટે આપી કોરોના સામે જંગ જીતી રહ્યા છે બનાસકાંઠા જિલ્લાની કોવિદ ૧૯ હોસ્પિટલમાંથી આજે વધુ ૧૩ દર્દીઓ ને રજા આપવામાં આવી છે દર્દીઓને રજા આપતા તમામ દર્દીઓ પોતાના ઘરે પહોંચ્યા છે પોતાના ઘરે પોતાની સાથે જ પોતાના પરિવાર દ્વારા ખૂબ જ ઉત્સાહ સાથે દર્દીઓનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે સતત ૧૪ દિવસ જેટલો સમય કોરોના સામે લડી છેલ્લે કોરોના સામેનો જંગ જીતી પરિવારજન પરત પોતાના ઘરે આવતા અન્ય પરિવારજનો માં પણ ખૂબ જ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે ધાનેરા તાલુકાના ડુગડોલ ગામે પણ જગદીશભાઈ કોરોના પોતાના પોઝિટિવ આવતાં તેને સારવાર અર્થે જ પાલનપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો છેલ્લા પંદર દિવસથી તે પાલનપુરની કોવિડ ૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો હતો અને ૧૫ દિવસ બાદ તેના રિપોર્ટ નેગેટિવ આવતાં તેને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવે છે ત્યારે આજે આ યુવક પોતાના ઘરે આવ્યો છે કોરોના સામે જંગ જીતી ઘરે આવતા પરિવારજનોમાં ખુશી પણ ખૂબ જ જોવા મળી રહી છે અને પરિવારજનો જ ખૂબ જ ઉત્સાહ સાથે યુવક પર પુષ્પવર્ષા કરી તેનું સ્વાગત કર્યું છે.

ચીની વૈજ્ઞાનિકો

● અનુસંધાન પહેલાનું ચાલ

સારા પરિણામ મળ્યાં છે. જ્યારે ઉંદરને એન્ટિબોડીઝને બેઅસર કરવા માટે ઇન્જેક્ટ કરવામાં આવ્યા હતા, ત્યારે પાંચ દિવસ પછી તેમનો વાયરલ લોડ નોંધપાત્ર ઘટાડો થયો હતો. તેમણે સમજાવ્યું કે આનો અર્થ એ કે આપણી દવા સારી રીતે કાર્યરત છે. જિનોમિક્સના ડિરેક્ટરએ કહ્યું કે આ ડ્રગની ક્લિનિકલ ટ્રાયલ ચાલુ છે. જો કે આ કામ ઓસ્ટ્રેલિયા અથવા અન્ય દેશોમાં કરવામાં આવશે કેમ કે ચીનમાં કોરોના ચેપના બનાવો ખૂબ ઓછા છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ એન્ટિબોડીઝ કોરોના અટકાવવામાં મોટી ભૂમિકા ભજવશે. આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે ચીનમાં મનુષ્ય પર પહેલેથી જ પાંચ કોરોના દવાઓની તપાસ કરવામાં આવી રહી છે.

એસટી સેવા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ડેપો બસ સ્ટેન્ડ ખાતે માસ્ક પહેરેલ હોય તેઓને જ પ્રવેશ આપવામાં આવશે મુસાફરોના સ્વાસ્થ્ય માટે બસ સ્ટેન્ડમાં પ્રવેશ સમયે જ ટેમ્પરેચર ચેક કરવામાં આવશે અને કોરોનાના લક્ષણ વિનાના મુસાફરોને જ પ્રવેશ આપવામાં આવશે. આ સમયે સોશિયલ ડીસ્ટન્સિંગનું પાલન થાય તે ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત બસમાં મુસાફરોને બેસતા અને ઉતરતા સમયે પણ સોશિયલ ડીસન્ટસીંગનું પાલન કરવાનું રહેશે. હાલના તબક્કે સમગ્ર અમદાવાદ જીલ્લા સિવાય રાજયના બાકીના તમામ જીલ્લાઓમાં નિગમના નોર્મલ સંચાલનના ભાગરૂપે બસનું સંચાલન કરવામાં આવશે. ગાંધીનગર શહેરથી અમદાવાદ શહેર વચ્ચે તેમજ આંતરરાજ્ય સંચાલન સંપૂર્ણ બંધ રાખવામાં આવ્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજયના પાંચ ઝોનમાં એસ.ટી. નિગમ દ્વારા તબક્કાવાર વિસ્તરણ કરવામાં આવશે. ઉત્તર ઝોનમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, મધ્ય ઝોનમાં ખેડા, પંચમહાલ, મહીસાગર, વડોદરા, દાહોદ, આંણદ, છોટાઉદેપુર, દક્ષિણ ઝોનમાં સુરત, વલસાડ, તાપી, ડાંગ, ભરૂચ, નવસારી, નર્મદા, સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ, મોરબી, જુનાગઢ, પોરબંદર, બોટાદ, ભાવનગર, અમરેલી, જામનગર, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ તેમજ કચ્છ ઝોનમાં ભુજથી ઉત્તર ઝોન અને સૌરાષ્ટ્ર ઝોનના મુખ્ય શહેરોને બસ દ્વારા જોડીને સંચાલન કરવામાં આવશે.

ધબકતું થયું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના કન્ટેનમેન્ટ ઝોનમાં પણ જરૂરી ચીજવસ્તુઓનુ વેચાણ થયુ હતુ. જો કે સવારે પણ નિયત સમય કરતા દુકાનો મોડી ખુલી હતી જયારે બપોરના સમયે આકરી ગરમીના લીધે બજારમાં વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી. બે મહીનાના અંતે દુકાનો ખોલતા વેપારીઓએ પણ માલ સરખો કરવા સહીત સફાઇ અને ગોઠવણમાં જ સવારના બે કલાક નિકળી ગયા હતા. શહેરના સે-૨૧, ૨૨, સે-૨૪ સે-૭ સહીત ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારના શોપિંગમાં પણ ધમધમાટ જોવા મળ્યો હતો. સેકટરોમાં લાંબા સમય બાદ સલુન ખુલતા દુકાનોમાં ભીડ ન થાય તે મુજબ નંબર આપીને હેર કટીંગ કરવાની પ્રથા ચાલુ કરાઇ હતી. શહેરમાં સરકારી કચેરીઓ સહીત વેપાર ધંધા પણ શરૂ થતા આજે બે મહીનાના અંતે નગરનો નઝારો બદલાયો હતો. બીજીતરફ વેપારીઓ પણ સેનેટાઇઝરની વ્યવસ્થા સાથે સોશિયલ ડીસ્ટન્સીંગનુ પણ યોગ્ય પાલન થાય તે માટે જાગૃત જોવા મળ્યા હતા. વેપારીઓએ પણ પાંચથી વધુ ગ્રાહક ભેગા ન થાય તે માટે પુરતી તકેદારી દાખવી હતી. લાંબા સમય બાદ દુકાનો ખુલી હોવાથી પ્રમાણમાં કેટલાક ઠેકાણે ભીડ જોવા મળી હતી પરંતુ સપ્તાહના અંતે નાગરિકોની જરૂરિયાતની ખપત થઈ જતા નિયમોનુ ચુસ્ત પાલન કરવામાં સરળતા રહેશે તેવો પણ સુર ઉઠવા પામ્યો હતો. બીજીતરફ શેહરમાં સ્થિત દુકાનોમાં યોગ્ય માલ સામાન પહોંચતો થાય તે માટે પણ યોગ્ય વ્યવસ્થાની ગતિવિધિઓમાં પણ વેપારીઓ જાવા મળ્યા હતા.

પાન પાર્લરો બંધ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દુકાનો ખોલીને પણ કોઇ મતલબ ન હોવાનો આક્રોશ પણ વેપારીઓએ વ્યકત કર્યો હતો. આવા સંજોગોમાં માવાના બંધાણીઓની હાલત પણ કફોડી બની હતી. લોકડાઉનમાં સરકારે આપેલી છુટ બાદ પાન મસાલા મળશે તેવી આશ સાથે વહેલી સવારથી જ બંધાણીઓએ દુકાનોના આંટા માર્યા હતા.બીજીતરફ પાન માવાના વેપારમાં બ્લેક માર્કેટ થતુ હોવાની ફરિયાદો પણ વ્યાપક ઉઠવા પામી છે.

શહેરમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેની પત્નીને હોમ ક્વોરોન્ટાઈન કરી યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. સે. ૨૧માં આ સાથે ૪થો કેસ નોંધાયો છે. સે. ૬-બી માં એક ઈજનેરનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ ઈજનેરના વૃદ્ધ પિતાને છેલ્લા ૧૦ દિવસથી બ્રેઈન હેમરેજ થતાં એસ.જી. હાઈવે પર આવેલ એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેમની સાથે તેઓ રહેતા હતા. આ ઈજનરનો રિપોર્ટ આજે પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ ઈજનેરના પરિવારના સાત સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા આજે મળેલ નવા કેસોને લઈ શહેરમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન બનાવવા માટે સૂચનાઓ જારી કરવા ઉપરાંત લોકોને સતર્કતા અને સાવધાની રાખવા પણ અપીલ કરી છે. તંત્રના સૂત્રોનો દાવો છે કે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી અને અમદાવાદ સાથેના કનેક્શનને લઈ થઈ રહ્યા છે.

દેશમાં...

● અનુસંધાન પહેલાનું ચાલ

એક લાખને પાર પહોંચી ગયા હતા.. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન કોરોના વાયરસના ૪૯૭૦ નવા મામલા સામે આવ્યા છે અને ૧૩૪ લોકો મૃત્યુ પામ્યા છે. કોરોના દર્દીની કુલ સંખ્યા વધીને ૧ લાખ ૧ હજાર ૧૩૯ થઈ ગઈ છે. જ્યારે કોરોના વાયરસથી અત્યાર સુધીમાં ૩૧૬૩ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે.

મહારાષ્ટ્રમાં દર્દીઓની સંખ્યા ૩૫ હજારને પાર પહોંચી ગઈ છે. રાજ્યમાં બીજા દિવસે ૨ હજારથી વધારે રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, દર્દીઓના સાજા થવાનો રેશિયો ૩૮.૨૯ ટકા થઈ ગયો છે. દેશમાં દર એક લાખની આબાદી પર કોરોના દર્દીઓની સંખ્યા ૭.૧ છે. સાથે જ કેન્દ્રએ પોતાના ૫૦% જૂનિયર સ્ટાફને ઓફિસ આવવા માટે કહ્યું છે. લોકડાઉન બાદ અહીંયા ૩૩% કર્મચારીઓ સાથે કામકાજ થઈ રહ્યું હતું. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૩૦૫૩ કેસ નોંધાયા છે જ્યારે ગુજરાતમાં ૧૧૩૭૯ કોરોના પોઝિટિવ અને તમિલનાડુમાં પણ ૧૧૨૨૪ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. દિલ્હીમાં સંક્રમિતોની સંખ્યા વધીને ૧૦ હજાર ૫૨ થઈ ગઈ છે. આ સ્થિતિમાં આગલા થોડા દિવસો ભારત માટે અતિ ભયંકર સાબિત થઈ શકે છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણના વધતા કેસને ધ્યાનમાં રાખતા મંગળવારે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળની પાંચ કંપનીઓને તહેનાત કરાઈ છે. જેમને મુંબઈમાં ૧,૩,૫,૬ અને ૯ જોનમાં તહેનાત કરવામાં આવશે. મુંબઈ પોલીસ તરફથી આ પ્રકારની માહિતી આપવામાં આવી છે. આ પહેલા કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ બળની પાંચ કંપનીઓની પહેલી બેચ સોમવારે મુંબઈ પહોંચી હતી. મહારાષ્ટ્ર સરકારે કેન્દ્ર સરકારને પોલીસની મદદ માટે સીએપીએફને મોકલવાની અપીલ કરી હતી.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, દર્દીઓના સાજા થવાનો દર વધીને ૩૮.૨૯% થઈ ગયો છે. દેશમાં દર લાખની વસ્તીએ ૭.૧ દર્દી સાજા થઈ રહ્યા છે. દુનિયામાં જોવામાં આવે તો એક લાખની વસ્તી પર કોરોનાના ૬૦ દર્દી છે.

સુરત પોલીસ...

● અનુસંધાન પહેલાનું ચાલ

પોતાની ફરિયાદમાં સંતોષે આરોપ લગાવ્યો છે કે, 'મને કેટલાક પ્રત્યક્ષદંષ્ટા દ્વારા માહિતી મળી છે કે મારા ભાઈનું મૃત્યુ પોલીસ લાઠીચાર્જમાં ગંભીર ઈજા પહોંચવાથી થયું છે અને તેને સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. ગંજામ જિલ્લાના પોલીસ સુપ્રિટેન્ડેટ બ્રિજેશકુમાર રોયે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર દેશના કોઈપણ ભાગમાં પોલીસ પાસે જ્યારે ફરિયાદ પહોંચે છે ત્યારે તેમણે આ ફરિયાદ નોંધવાની હોય છે. જેથી અમે ભંજનગર પોલીસ સ્ટેશનમાં ઝીરો એફઆઈઆર નોંધી છે અને વધુ તપાસ માટે તેને સુરત પોલીસને ટ્રાન્સફર કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે જે ગુનાને સ્પષ્ટરૂપે ઓળખી શકાય તેવા કોગ્નિઝેબલ ગુનાના કિસ્સામાં દેશના કોઈપણ પોલીસ સ્ટેશનમાં જ્યારે ફરિયાદી ફરિયાદ નોંધાવે છે ત્યારે તેને નોંધી લેવામાં આવે. આ સમયે ગુનાસ્થળ, પોલીસ સ્ટેશન અને ન્યાયિક ક્ષેત્રાધિકાર પ્રાથમિકતા ન આપવાની સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ છે. મૃતકના ભાઈ સંતોષકુમારે કહ્યું કે, માર પડવાના કારણે મારો ભાઈ સ્થળ પર બેભાન થઈને ઢળી પડ્યો હતો. તેને કોઈપણ જાતની મેડિકલ સહાય મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. મૃતક સત્યવાન અમરોલી પોલીસ સ્ટેશનની હદમાં આવતા અંજની ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલ એક ટેક્ષટાઈલ યુનિટમાં કામ કરતો હતો. હાલમાં લોકડાઉનના કારણે પોતાના ગામ પરત ફરવા માગતા ઓડિશાના મજૂરોએ ટ્રેનની ટિકિટ મામલે હોબાળો મચાવ્યો હતો ત્યારે પોલીસ દ્વારા સ્થિતિને થાળે પાડવા કરવામાં આવેલ લાઠીચાર્જમાં કથિતરૂપે સ્વૈનને ઈજા પહોંચી હતી.

ચોથો વ્યક્તિ...

● અનુસંધાન પહેલાનું ચાલ

હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે જો પરપ્રાંતિય મજૂરોને તપાસ અને સારવાર આપવામાં આવે તે પહેલાં તેમના ઘરેલુ રાજ્યોમાં મોકલી દેવામાં આવ્યા હોત, તો કદાચ કોરોના ઈન્ફેક્શનની ગતિ ઓછી થઈ શકે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ, છેલ્લા ચાર દિવસમાં બિહારમાં ૪૦૦ થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. જો આપણે વિભાગના મુખ્ય સચિવ સંજય કુમારે જાહેર કરેલા આંકડા પર નજર કરીએ તો, અન્ય રાજ્યોની વિશેષ ટ્રેનોમાંથી સ્થળાંતર કરાયેલા મજૂરોમાંથી ૩૭ ૮૩૩૭૩૭ નમૂનાઓ ચકાસાયેલ છે, જેમાં ૧ ૬૫૧ પોઝિટિવ મળ્યાં છે. તેના ગુણોત્તરને જોતા, બિહાર પહોંચતા લગભગ દરેક ચોથા વ્યક્તિ કોરોના પોઝિટિવ બહાર આવે છે. તેમણે જણાવ્યું કે તેમાંના મોટા ભાગના દિલ્હીના મજૂર છે. દિલ્હીથી આવેલા લોકોમાં ૧૩૬૨ લોકોનાં નમૂના લેવામાં આવ્યા હતા, જેમાં ૮૩૫ લોકોનાં પરીક્ષણ કરાયાં હતાં. તેમાં ૨૧૮ લોકો સકારાત્મક જોવા મળ્યા, જે ૨૬ ટકા છે. પશ્ચિમ બંગાળથી આવતા મજૂરોની પણ આવી જ સ્થિતિ છે. સોમવારે વિભાગ દ્વારા જારી કરાયેલા આંકડા મુજબ, પશ્ચિમ બંગાળથી આવેલા ૧૨% સ્થળાંતર મજૂરો હકારાત્મક જોવા મળ્યા હતા, જ્યારે મહારાષ્ટ્રના ૧૧ ટકા સ્થળાંતર મજૂર હકારાત્મક જોવા મળ્યા હતા. આ ઉપરાંત હરિયાણાથી પરત ફરતા નવ ટકા કામદારો હકારાત્મક જોવા મળ્યા હતા. અહીં, બિહારમાં મજૂરોની પ્રક્રિયા ચાલુ છે. ટ્રાન્સપોર્ટ નોડલ ઓફિસર અને ટ્રાન્સપોર્ટ વિભાગના સેક્રેટરી સંજય અગ્રવાલે જણાવ્યું હતું કે, ×આગામી ૮ દિવસ માટે એડવાન્સ પ્લાનિંગ કરવામાં આવ્યું છે, એટલે કે ૨૬૫ મે સુધીમાં ૫૦૫ ટ્રેનો આવશે. રાજ્યના નોડલ અધિકારીઓ સંપર્કમાં છે, જે લોકોને બિહાર લાવવા વિવિધ રાજ્યોના સંપર્કમાં છે. લોકો ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, પંજાબ, ગુજરાત વગેરે રાજ્યોથી આવી રહ્યા છે.